**ફોજદારી કેસ નં. ૪૧૦ / ૨૦૨૪.**

GJDW050006152024

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૦૪–૦૪–૨૦૨૪ | | |
| રજૂ તારીખ: | ૦૪–૦૪–૨૦૨૪ | | |
| ફેસલ તારીખ: | ૦૧–૦૪–૨૦૨૬ | | |
| સમય અવધી: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૧૧ | ૨૮. |

---

**દ્વારકાનાં મહેરબાન એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ**

**(શ્રી જે.એસ.પ્રજાપતિ) સાહેબની કોર્ટમાં, મુકામ : દ્વારકા સમક્ષ.**

---

**ફોજદારી કેસ નં. ૪૧૦/ ૨૦૨૪.**
**આંક–૩૨.**

**વચ્છરાજ પેટ્રોલીયમનાં પ્રોપરાઈટર,**
**રાજશીભાઈ રાણાભાઈ ચાંચીયા,**
ઉંમર વર્ષ : આશરે : ૫૦, ધંધો : વેપાર,
રહેવાસી : વરવાળા વચ્છરાજ પેટ્રોલીયમ,
તાલુકો : દ્વારકા, જિલ્લો: દેવભૂમિ દ્વારકા. ............**ફરિયાદી.**

**વિરુધ્ધ**

**મામદભાઈ કમુભાઈ લોઠીયા,**
રહેવાસી : દાતારી ચોક, કમાલ ચોક,
જુમાભાઈ દાતારીની બાજુમાં,

**Addi. C. J. M.,**
**DWARKA.**

**ફોજદારી કેસ નં. ૪૧૦ / ૨૦૨૪.**

રૂપેણ બંદર, તાલુકો : દ્વારકા,
જિલ્લો: દેવભૂમિ દ્વારકા. **............આરોપી.**

---

**ગુન્હો :– ધી નેગોશીયબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ – ૧૮૮૧ ની કલમ – ૧૩૮ મુજબની ફરિયાદ.**

---

---

**એડવોકેટસ એપીયરન્સીશ:–**

**ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી એમ. એચ. સોલંકી,**

**આરોપી પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી એ. બી. પટેલ.**

---

**::– ચુ કા દો –::**

(૧) ફરિયાદીએ હાલની ફરિયાદ આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુના અન્વયે કરેલ છે.

(૧.૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી વચ્છરાજ પેટ્રોલીયમ નામે પેટ્રોલ પંપ ધરાવે છે અને આરોપી અવાર નવાર ફરિયાદનાં પેટ્રોલ પંપ પર પેટ્રોલ લેવા આવતા હોય, જેથી

ફરિયાદી અને આરોપી વચ્ચે સારા એવા સંબંધ થઈ ગયેલ હોય, આરોપી ફરિયાદીને ત્યાંથી અવાર નવાર પેટ્રોલ લેવા આવતા અને આરોપીએ ઉધાર પેટ્રોલ ભરાવવાની માંગણી કરેલ અને જેથી ફરિયાદીએ સંબંધનાં હિસાબે આરોપીને થોડા સમયમાં બાકી લેણી રકમ ભરપાઈ કરી આપવાની શરતે ઉધાર પેટ્રોલ આપેલ.

(૧.૨) આરોપીએ ફરિયાદીનાં પેટ્રોલ પંપેથી છૂટક છૂટક ઉધાર પેટ્રોલ ભરાવેલ અને ટુંક સમયમાં તેના રૂપિયા આપી દેશે, તેવી ખાતરી આપેલ હતી, પરંતુ ફરિયાદીએ અવાર નવાર તેમના કાયદેસરનાં બાકી નિકળતા લેણા રૂા. ૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પૂરાની માંગણી કરતા આરોપીએ કહેલ કે, હાથ રોકડી રકમ હાથ પર નથી, તેથી આરોપીએ ફરિયાદીને એકસીસ બેંક, દ્વારકા શાખાનો તા.૧૩–૦૨–૨૦૨૪ ની મુદ્દતનો ચેક નં.૧૧૫૦૮૨ નો, રૂા.૪૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પૂરાનો ચેક લખી આપેલ અને જણાવેલ કે, આ ચેક મુદ્દતમાં બેંકમાં નાખતા વસૂલ થઈ જશે, તેવી ખાતરી, ભરોશો અને વિશ્વાસ આપેલ, તેથી ફરિયાદીએ આ ચેક ફરિયાદીની બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, દ્વારકા શાખામાં વસૂલાત માટે નાખતા, તે ચેક વસૂલ થયા વિના પરત આવેલ અને બેંક તરફથી

એવુ કારણ દર્શાવવામાં આવેલ હતું કે, **" Account closed "** તેથી આ ચેક વસૂલ થયા વિના પરત ફરેલો હતો.

(૧.૩) આથી આરોપીએ ફરિયાદીની કાયદેસરની બાકી લેણી રકમ પેટે રૂા.૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પૂરાનો ચેક લખી આપેલ, તે ચેક વસૂલાત માટે બેંકમાં નાખતા **"Account closed "** નાં શેરાનાં કારણે પરત ફરેલ, તેથી ચેક પરત ફર્યાની જાણ કરતી નોટિસ ફરિયાદીએ તેમના વિદ્વાન વકીલશ્રી મારફતે આરોપીને ગત તા.૨૧–૦૨–૨૦૨૪ નાં રોજ મોકલેલી, જે નોટિસ આરોપીને ગત તા.૨૬–૦૨–૨૦૨૪ નાં રોજ મળી ગયેલી હતી, તેમ છતાં ફરિયાદીની નોટિસનો કોઈ અમલ આરોપીએ કરેલ નથી, તેથી હાલની આ ફરિયાદ કરવાની ફરજ પડેલી હોવાનું ફરિયાદીએ જણાવેલ છે.

(૧.૪) આમ, આરોપીએ ફરિયાદીને તેની કાયદેસરની લેણી રકમ નહીં ચૂકવી, લીગલ નોટિસનો અમલ નહીં કરી, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ તળેનો ગુનો કરેલ હોય, આરોપી સામે વોરંટ કાઢવા તથા આરોપીને પકડી, મંગાવી, આરોપી સામે કેસ ચલાવી, સખત કેદ સજા અને ડબલ પેનલ્ટી કરવા

અને પેનલ્ટીની રકમમાંથી ચેકની રકમ વાદીને અપાવવા ફરિયાદીએ અરજ ગુજારેલી છે.

(૨) ફરિયાદીએ ઉપરોકત ફરિયાદ રજૂ કરતાં ફરિયાદીની ફરિયાદ રજીસ્ટરે લેવાનો હુકમ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ ની જોગવાઈ અન્વયે, આરોપી વિરૂધ્ધ ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી દ્વારા કરવામાં આવેલ હતો.

(૩) સદરહુ ફરિયાદનુ રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી તેમના વિદ્વાન વકીલશ્રી સાથે અદાલત રૂબરૂ ઉપસ્થીત થતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે, આરોપીને ફરિયાદ તથા તેની સાથે ફરિયાદીએ રજૂ કરેલ દસ્તાવેજોની નકલો વિના મુલ્યે પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં, સદરહુ ફરિયાદનું રેકર્ડ તથા રોજકામ મુજબ, આ અદાલતે **આંક–૧** ની અરજી ઉપર હુકમ કરી સદરહુ ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ ફરિયાદ સમન્સ ટ્રાયેબલ તરીકે ચલાવવાનો હુકમ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૨૫૧ ની જોગવાઈ મુજબ આરોપીનો જવાબ

**ફોજદારી કેસ નં. ૪૧૦ / ૨૦૨૪.**

(પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબૂલ ન રાખતા, સદરહુ ફરિયાદનું કામ, ફરિયાદ પક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ હતું.

(૪) આરોપી સામેના ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ – ૧૮૮૧ ની કલમ –૧૩૮ ના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે, નીચે મુજબનો વિગતવાર પુરાવો રજૂ કરેલ છે.

**–:: ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વચ્છરાજ પેટ્રોલીયમનાં પ્રોપરાઈટર રાજશી ભાઈ રાણાભાઈ ચાંચીયાનું સરતપાસનું સોગંદનામું. | ૦૫ |

**–:: ફરિયાદ પક્ષે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | એકસીસ બેંક, દ્વારકા શાખાનો ચેક નં. ૧૧૫૦૮૨ વાળો અસલ ચેક. | ૧૩ |
| ૨. | ચેક રીટર્ન થયાનો બેંક રીટર્ન મેમો. | ૧૪ |
| ૩. | ફરિયાદીએ આરોપીને વિદ્વાન વકીલશ્રી | ૧૫ |

**ફોજદારી કેસ નં. ૪૧૦ / ૨૦૨૪.**

| | | |
|---|---|---|
| | મારફતે આપેલી લીગલ નોટીસ ની ઓફિસ કોપી. | |
| ૪. | ફરિયાદીએ આરોપીને લીગલ નોટિસ રજીસ્ટર એડી કર્યા અંગેની ભારતીય ડાક વિભાગની સફેદ પાવતિ. | ૧૬ |
| ૫. | ફરિયાદીએ આરોપીને લીગલ નોટિસ રજીસ્ટર એડી આરોપીને મળી ગયેલી હોવા અંગેની કોમ્પ્યૂટરાઈઝડ એકનોલેજમેન્ટસ. | ૧૭ |
| ૬. | સર્ટીફીકેટ ઓફ સ્ટેમ્પ ડયુટીની નકલ. | ૨૫ |
| ૭. | કલોઝીંગ પુરસીસ. | ૨૮ |

(૫) ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ તેમની સામેનાં આક્ષેપોનો ઈન્કાર કરી, તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ, અમારા પર ખોટી ફરિયાદ કરેલી છે.

(૬) ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી એમ. એચ. સોલંકીની દલીલો સાંભળી તથા આરોપી પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી એ. બી. પટેલની આંક–૩૧ થી રજૂ દલીલો ધ્યાને લીધી.

**Addi. C. J. M.,**
**DWARKA.**

(૭) આ કામે કરવામાં આવેલ દલીલો, ફરિયાદીની ફરિયાદ હકીકત, તથા ફરિયાદના કામે રજૂ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી–પુરાવો, ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ :૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેતા સદરહુ ફરિયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે:–

**::– મુદ્દાઓ –::**

૧) શું ફરિયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કાયદેસરના લેણાની ચૂકવણી પેટે ફરિયાદીને આરોપીએ રૂા.૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પૂરાનો એકઝીસ બેંક, દ્વારકા શાખાના ખાતાં નં.૯૨૦૦૧૦૦૦૫૨૯૩૫૮૮ નો ચેક નં. ૧૧૫૦૮૨, ગત તા.૧૩–૦૨–૨૦૨૪ નાં રોજનો વચ્છરાજ પેટ્રોલીયમનાં નામ જોગનો ચેક કાયદેસરનું લેણું ચૂકવવા આપી,તે ચેક ફરિયાદીએ પોતાની બેંકમાં નાણાંની વસૂલાત માટે નાખતા **" Account closed "** નાં શેરા સાથે વણચૂકવાયેલ પરત ફરેલો હતો ? જેથી તેની માગણા ની લેખીત નોટીસ વિદ્વાન વકીલશ્રી મારફતે સમય મર્યાદામાં ફરિયાદીએ આરોપીને આપેલી હતી, જેનો પણ

આરોપીએ અમલ નહીં કરી, ધી નેગોશીએબલ ઈસ્ટ્રુમેન્ટસ એકટની કલમ– ૧૩૮ મુજબની શિક્ષાને પાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે. :–

**:– નિ ર્ણ યો :–**

૧. નકારમાં,

૨ . આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત નિર્ણયો અંગેના મારા ન્યાયિક નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે. :–

**–: કા ર ણો :–**

**મુદ્દા નંબર–૧ ::–**

(૯.૧) આ કામે બચાવપક્ષે ફરિયાદીની જુબાની આંક-૫ માં ઉલટતપાસમાં ફરિયાદીએ સ્વીકારેલ હકીકતો ધ્યાને લેવા યોગ્ય છે.

ફરિયાદી જણાવે છે કે, "એ વાત ખરી છે કે મામદભાઈ ઉધાર પેટ્રોલ લેવા પ્રથમ વખત આવેલા ત્યારે તેમની પાસેથી પણ સિક્યુરીટી પેટે ચેક લીધેલો. એ વાત ખરી છે કે જ્યારે પ્રથમ વખત આવ્યા હોય ત્યારે તેમનું કોઈ લેણું ન હોય. એ વાત ખરી છે કે મામદભાઈ સને ૨૦૨૨માં પેટ્રોલ લેવા આવેલા તેમનું કોઈ લેણું ન હતું."..."એ વાત ખરી છે કે સને ૨૦૨૧માં અમોએ આરોપી પાસેથી સિક્યોરીટી પેટે આ ફરિયાદવાળો ચેક મેળવેલો. સવાલ: તમે આ ચેક લેણી રકમ પેટે મેળવેલ નથી? જવાબ: અમે સિક્યોરીટી પેટે રાખીએ છીએ અને લાંબા સમય સુધી પેમેન્ટ ન ભરે તો તેના ખાતામાં ભરીએ છીએ. એ વાત ખરી છે કે આંક-૧૩વાળો ચેક સને ૨૦૨૧માં માત્ર સહી કરાવીને લીધેલો. એ સિવાયના બધા ખાના ખાલી હતા. એ વાત ખરી છે કે સને ૨૦૨૧માં આંક-૧૩વાળો ચેક લીધેલો તે વખતે હાલની આંક-૧ વાળી ફરિયાદવાળું લેણું આરોપી પર ન હતું."

(૯.૨) ફરિયાદીએ ફરિયાદ, ડીમાંડ નોટીસ અને પુરાવાના સોગંદનામાંથી રજુ કરેલ ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી ફરિયાદીના પેટ્રોલ પંપ પરથી અવારનવાર છૂટક છૂટક ઉધાર પેટ્રોલ ભરાવેલ આને આ પેટ્રોલના બાકી નીકળતા રૂ.૪,૦૦,૦૦૦/-ની માંગણી આરોપી પાસે કરતા આરોપીએ આંક-૧૩વાળો ચેક ફરિયાદીને આપેલો. આમ, ફરિયાદીની આ ફરિયાદ હકીકતે આરોપીએ રૂ.૪,૦૦,૦૦૦/-નું પેટ્રોલ ભરાવ્યા બાદ બાકી નીકળતી રકમ માંગતા આરોપીએ હાલનો ચેક આપેલો.

**Addi. C. J. M.,**
**DWARKA.**

(૯.૩) પરંતુ ફરિયાદી દ્વારા આરોપીને ઉધાર પેટ્રોલ આપેલ હોય તેનો એક પણ દસ્તાવેજી આધાર આ કામે રજુ કરવામાં આવેલ નથી. જો કે ફરિયાદીએ પોતાનું લેણું સિવિલ કેસની જેમ અહી પુરવાર કરવાનું નથી, પરંતુ હાલના કેસમાં ફરિયાદી પોતે જ પોતાની ઉલટતપાસમાં સ્વીકારે છે કે હાલનો ચેક સિક્યોરીટી પેટે લેવામાં આવેલ છે અને **<u>એ પણ સ્વીકારે છે કે ચેક આપેલ એ વખતે કોઈ લેણું ન હતું</u>**. જ્યારે આરોપી ઉલટતપાસ થકી આવી હકીકત રેકર્ડ પર લાવેલ છે ત્યારે ચેક મુજબની રકમનું કાયદેસરનું લેણું હતું તે સાબિત કરવાનો બોજો ફરિયાદી પર આવી જાય છે. જે બોજો વહન કરી ફરિયાદી સાબિત કરવામાં સફળ થયેલ નથી કે ચેક લીધેલ અને ત્યાર બાદ આરોપીએ ચેકની રકમ જેટલું પેટ્રોલ ઉધાર લીધેલ હતું અને આ ચેક આ રકમ પેટે વટાવવામાં આવેલ હતો જેનો અસ્વીકાર થયેલ છે.

**(૯.૪) આ અંગે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા Sampelly Satyanarayan Rao vs Indian Renewable Energy Development [AIR 2016 SC 4363] ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે:**

**We have given due consideration to the submission advanced on behalf of the appellant as well as the observations of this Court in Indus Airways (supra) with reference to the explanation to Section 138 of the Act and the expression "for discharge of any debt or other liability" occurring in Section 138 of the Act. We are of the**

**Addi. C. J. M.,**
**DWARKA.**

**view that the question whether a post-dated cheque is for "discharge of debt or liability" depends on the nature of the transaction. If on the date of the cheque liability or debt exists or the amount has become legally recoverable, the Section is attracted and not otherwise.**

(૯.૫) આરોપીએ માત્ર સંભવિત બચાવ રેકર્ડ પર લાવવાનો છે અને આવું તે માત્ર ફરિયાદીની ઉલટ તપાસ થકી પણ કરી શકે છે. વધુમાં, આવો બચાવ ઉપર જણાવ્યા મુજબની એન.આઈ.એક્ટની ક.૧૧૮ અને ક.૧૩૯ની જોગવાઈઓ મુજબના અનુંમાનોનું ખંડન કરી શકે તેટલો સક્ષમ, સચોટ અને માનવાને લાયક હોવો જોઈએ. ફરિયાદ અને ફરિયાદીની જુબાનીથી ઉધાર પેટ્રોલ માટે આપેલ ચેકની થીયરી પર શંકા ઉભી થાય છે. માત્ર એટલું જ નહિ, ફરીયાદીના કેસ પર શંકા ઉભી કરવા આ કામે બચાવપક્ષ તેવી પ્રબળ સંભાવના બની શકે તેવુ કોઈ મટીરીયલ રેકર્ડ ઉપર લાવી શકેલા છે. એન.આઈ.એક્ટની ક.૧૩૮ હેઠળના આરોપીએ એ દર્શાવવાનું છે કે તેમના દ્વારા ફરિયાદીને આપવામાં આવેલ ચેક ફરિયાદી જણાવે છે તે બાકી લેણી રકમ પેટે ન હતો. આરોપીએ અવેજનું બિન–અસ્તિત્વ પુરવાર કરવાનું છેઈ આરોપીએ એવી હકિકતો અને સંજોગો રેકર્ડ પર લાવવાના છે જેનાથી કોર્ટ એવા તારણ પર આવી શકે કે, **કાં તો અવેજનું અસ્તિત્વ જ ન હતું** અથવા **અવેજનું બીન અસ્તિત્વ એટલું બધું સંભવ હતું** કે, સામાન્ય બુધ્ધિશાળી વ્યકિત

**Addi. C. J. M.,**
**DWARKA.**

એવું માનીને ચાલી શકે કે, આવા કેસના સંજોગોમાં અવેજ ખરેખર અસ્તિત્વ ધરાવતું ન હતું. આગળ ઉપર ચર્ચા કરવામાં આવેલ ઉપરોકત સંજોગોમાં જ્યારે આરોપી એન.આઈ.એક્ટની કલમ ૧૧૮(એ) અને ૧૩૯ના અનુમા નોનું ખંડન કરવામાં સફળ થયેલ હોઈ, ફરીયાદીએ રજુ કરેલ રેકર્ડ પરના પુરાવાને જોતાં કલમ ૧૩૮ ના તત્વો સંતોષાતા ન હોઈ, સવાલવાળો ચેક આરોપી ધ્વારા ફરીયાદીને કોઈ કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ હોવાનું પુરવાર થતું નથી.

(૧૦) આમ, ઉપરોકત ચર્ચા કરેલ રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરી નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓમાં સ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદી પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. ફરીયાદની વિગતો પુરવાર થતી ન હોઈ, અને પોતાના પરનો સાબિતીનો બોજો ફરિયાદી ખસેડી શકેલ ન હોઈ અને એન.આઈ.એક્ટની ક.૧૩૮ હેઠળના અનુંમાનોનું સફળતાપૂર્વક ખંડન કરી શકેલ હોઈ, ગુનાના તત્વો પુરવાર થતા ન હોઈ, મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમ**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫( ૧ ) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની

**ફોજદારી કેસ નં. ૪૧૦ / ૨૦૨૪.**

કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી તરફે આગઉ રજુ થયેલ જાત મુચરકા તથા જામીન ખત રદ્દ કરવામાં આવે છે.

આરોપીએ ક્રી.પ્રો.કોડની કલમ- ૪૩૭એ અન્વયેની જોગવાઈ સંદર્ભે રૂ.૫૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ના સધ્ધર જામીન છ માસની મુદતના આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાંવાંચી સંભળાવી જાહેર કર્યો.

તા: ૦૧-૦૪-૨૦૨૬
મું.દ્વારકા
(#STENO.:H.N.T.)

**(જગદીશ શંકરભાઈ પ્રજાપતિ)**
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ,**
**દ્વારકા.**
(જજ્ઞ યુનિક આઈ. ડી. નં. જી જે ૦૧૨૨૭)

**Addi. C. J. M.,**
**DWARKA.**